**OHE અને સિગ્નલિંગ કામ યુદ્ધના ધોરણે ચાલુ કરાયું**

## ઈન્દોર-દાહોદ રેલ પ્રોજેક્ટને તેજી: કતવારા-દાહોદ સેકશન 88% પૂર્ણ

૩૧ મે સુધી ડેડલાઈન, નવો રૂટ શરૂ થતા ૫૭ કિમી અંતર ઘટશે, મુસાફરોને મળશે મોટી રાહત.!



(પ્રતિનિધિ) દાહોદ, તા.7
ઈન્દોર દાહોદ રેલ પરિયોજનામાં હવે તબક્કાવાર કામ પૂર્ણ કરી દરેક સેક્શન શરૂ કરવા માટે રેલવે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને દાહોદ કતવારા વચ્ચેનો ૧૬ કિલોમીટરનું સેક્શનનું કામ ૮૮% પૂર્ણ થઈ ગયુ છે. હવે બાકીનું ઓવર હેડ ઈલેક્ટ્રીફિકેશન (OHE) તેમજ કવચ સિસ્ટમ સાથેની સિગ્નલિંગ પ્રણાલીનું ઈન્સ્ટોલેશનનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં રેલવે દ્વારા દાહોદ કતવારા વચ્ચે ઈલેક્ટ્રીક પોલ ઊભા કરી દેવામાં આવ્યા છે. ઓએચઈ માં સિગ્નલિંગનું કામ છેલ્લા બે મહિનાથી પૂર ઝડપે ચાલી રહ્યું છે. રેલવે તંત્ર દ્વારા આ કામ પૂર્ણ કરવા માટે ૩૧ મે સુધીની ડેડ લાઈન આપવામાં આવી છે. પરંતુ હાલ કામની ગતિ જોતા આ કામ પૂર્ણ કરવામાં એક મહિનાથી સમય વધુ લાગી શકે તેમ છે. આ સિવાય ઈન્દોર દાહોદ રેલ લાઈન દિલ્હી-મુંબઈ રેલમાર્ગ સાથે મજ થવાની છે. એ જંક્શન પર ટ્રેનોના સંચાલન માટે વધુ ઊપોઈન્ટ મુકવામાં આવશે. આ સિવાય ઈન્દોરથી દાહોદ વચ્ચે જે ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે. તે ટ્રેનો પ્લેટફોર્મ નંબર-૪ પર લઈ જવાની યોજના પર કામ ચાલી રહ્યું છે. આ સિવાય ઈન્દોરથી આ રેલમાર્ગ થઈ દિલ્હી અને મુંબઈ તરફ જતી ટ્રેનોને પ્લેટફોર્મ નંબર એક પર લઈ જવાની યોજના પર કામ ચાલી રહ્યું છે. આ સિવાય મુંબઈથી જે ટ્રેનો ઈન્દોર તરફ જશે તે ટ્રેનો પ્લેટફોર્મ નંબર-૪ પર લઈ જવામાં આવશે. આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવા માટે રેલવે તંત્ર કામ કરી રહ્યું છે. આ સાથે ઈન્દોર થી દાહોદ આવતા રેલવેમાર્ગ માટે એક વખતનું ટ્રેક પ્લેટફોર્મ નંબર એક સાથે જોડવામાં આવશે. આ કામ માટે હવેની આવતી એક ઓફિસ પણ ડીમોલિશ કરવામાં આવશે. જોકે નોંધનીય બાબત છે કે હાલ દાહોદ કતવારા સિવાય ધારથી પીથમપુર વચ્ચે કામ પૂર્ણ થતા સેકડો નિરીક્ષણ માટે ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. આ સેક્શનમાં ત્રણ કિલોમીટર લાંબી ટીડી ટનલમાં ૮૦૦ મીટર સુધી ટ્રેક પાથરવાનું તેમજ ઓવર હેડ ઈલેક્ટ્રીફિકેશન, તેમજ સિગ્નલ ઈન્સ્ટોલેશનનું કામ પણ સમાંતર રીતે ચાલી રહ્યું છે. ૨૦૪ કિલોમીટરના આ રેલમાર્ગમાં કતવારાથી ઝાબુઆ વચ્ચે મોટા ભાગના પુલો, અંડરપાસ, તેમજ અર્ધ વર્તુન કામ પૂર્ણ કરી ટ્રેક પાથરવાનું કામ ચાલી રહ્યું છે. સાથે જ ઝાબુઆથી ધાર વચ્ચે ૮૯ કિલોમીટરના સેક્શનમાં ભૂમી અધિગ્રહણ પૂર્ણ થયા બાદ રેલવે દ્વારા ટેન્ડરિંગ પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે. ટૂંક સમયમાં અર્ધ વર્તુન કામ શરૂ થશે. નોંધનીય બાબત છે કે ૮૦૦ કરોડના ખર્ચે શરૂ થયેલી આ રેલ પ્રોજેક્ટની લાગત ત્રણ ગણા વધી ગઈ છે.

### કાલોલની નવરચના ગુરુકુલનુ S.S.C બોર્ડ અંગ્રેજી માધ્યમનું 100% પરિણામ

કાલોલ : એસ.એસ.સી. બોર્ડ પરીક્ષાના પરિણામમાં નવરચના ગુરુકુલ ના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા સમગ્ર વિસ્તારનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું છે. શાળાનું કુલ પરિણામ ઉત્કૃષ્ટ રહ્યું છે. અનેક વિદ્યાર્થીઓએ વિશિષ્ટ ગુણ સાથે સફળતા મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ પાછળ તેમની અવિરત મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન તથા વાલીઓનો સતત સહકાર રહેલો છે. અંગ્રેજી માધ્યમરુદ્રા પટેલઃ 96.38 PR અને ગુજરાતી માધ્યમ કૃપાલી સોલંકીઃ 98.61PR મેળવ્યા.. નવરચના ગુરુકુલના ટ્રસ્ટી, આચાર્ય તથા સમગ્ર સ્ટાફ દ્વારા સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## ધોરણ.10ની પરીક્ષામાં દાહોદ જિલ્લાનું 77.35 ટકા પરિણામ

જિલ્લામાં ૦ ટકા પરિણામ વાળી-૫ શાળાઓ; 100 ટકા પરિણામ વાળી 36 શાળાઓ

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
ગત માર્ચ માસનું લેવાયેલી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતાં દાહોદ જિલ્લાનું ૭૭.૩૫ ટકા પરિણામ આવ્યું છે. વર્ષ ૨૦૨૪ માં ૮૧.૬૭ ટકા આવ્યું હતું તેમજ વર્ષ ૨૦૨૫ માં ૮૧.૨૮ ટકા આવ્યું હતું. આમ વર્ષે વર્ષે પરિણામ નીચું જતું જોવા મળી રહ્યું છે જેના પરથી જિલ્લાનું શિક્ષણ વર્ષે વર્ષે કથળી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. જિલ્લામાં ધોરણ ૧૦માં સૌથી વધુ દેલસર કેન્દ્રનું ૯૭.૫૦ ટકા તેમજ સૌથી ઓછું ઝાલોદના મુનખોસલા કેન્દ્રનું ૩૩.૪૭ ટકા પરિણામ આવ્યું છે. જિલ્લામાં 0% પરિણામ પાંચ શાળાઓનું આવ્યું છે. તથા ૩૬ જેટલી શાળાઓનું ૧૦૦ પરિણામ આવ્યું છે. જયારે ૧૦ જેટલી શાળાઓનું ૩૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું છે. દાહોદ જિલ્લામાં ૧૦ ટકા પરિણામ વાળી ૬-શાળાઓ, ૧૧થી ૨૦ ટકા પરિણામ વાળી ૪-શાળાઓ, ૨૧ થી ૩૦ ટકા પરિણામ વાળી-૫ શાળાઓ, ૩૧ થી ૪૦ ટકા પરિણામ વાળી ૨૦-શાળાઓ, ૪૧ થી ૫૦ ટકા પરિણામ વાળી ૨૦-શાળાઓ, ૫૧ થી ૬૦ ટકા પરિણામ વાળી ૩૯-શાળાઓ, ૬૧ થી ૭૦% પરિણામ વાળી ૩૭-શાળાઓ, ૭૧ થી ૮૦% પરિણામ વાળી ૭૯-શાળાઓ, ૮૧ થી ૯૦ % પરિણામ વાળી ૮૮-શાળાઓ, ૯૯ ટકા પરિણામ વાળી ૭૯-શાળાઓ તથા ૧૦૦ ટકા પરિણામ વાળી ૩૬-શાળાઓનો સમાવેશ થાય છે.

**આપત્તિ સમયે મુસાફરોની સુરક્ષા માટે વિવિધ એજન્સીઓએ કર્યું જીવંત બચાવ પ્રદર્શન**

## પાવાગઢ રોપવે પર NDRFની મેગા મોકડ્રિલ યોજવામાં આવી

બચાવ વ્યવસ્થામાં વધુ સજ્જતા આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી



(પ્રતિનિધિ) હાલોલ, તા.7
પાવાગઢ ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામમાં દરરોજ મોટી સંખ્યામાં ભક્તો આવતા હોવાથી રોપવે સુરક્ષાને ધ્યાનમાં રાખીને બુધવારે NDRF દ્વારા મહત્વપૂર્ણ શોધ અને બચાવ મોક ડ્રિલ યોજાઈ હતી. આ અભ્યાસનો હેતુ આપત્તિના સમયમાં વિવિધ એજન્સીઓ વચ્ચે ઝડપી સંકલન અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. મોક ડ્રિલ દરમિયાન NDRF ટીમ, પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સર્વિસ, બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ તેમજ ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) દ્વારા જીવંત બચાવ કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
આપત્તિ સર્જાય તેવી પરિસ્થિતિમાં કેવી રીતે ઝડપી પ્રતિસાદ આપવો, મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવા અને જરૂરી સાધનોનો સમયસર ઉપયોગ કરવો તેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.
કાર્યક્રમમાં રોપવે સ્ટાફ, હાલોલ મામલતદાર, જિલ્લા SOG, જિલ્લા LCB, પાવાગઢ પોલીસ તંત્ર, હાલોલ તાલુકા વહીવટી તંત્ર, પાવાગઢ સરપંચ તેમજ તાલુકાના આગેવાનો હાજર રહ્યા હતા. આ મોક ડ્રિલ દ્વારા આપત્તિના સમયમાં સંકલિત કામગીરી અને ઝડપી બચાવ વ્યવસ્થામાં વધુ સજ્જતા આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## લીમખેડાની તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ધો.10ની પરીક્ષામાં ઝળક્યાં

**શાળા પરિવાર** તરફથી સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી

(પ્રતિનિધિ) લીમખેડા, તા.7
તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલ લીમખેડાના વિદ્યાર્થીઓએ ધોરણ 10 ની બોર્ડ પરીક્ષા માં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરીને સમગ્ર તાલુકાને જિલ્લામાં ડંકો વગાડ્યો છે.
ગુજરાતી માધ્યમ 90% તથા અંગ્રેજી માધ્યમ માં 100% પરિણામ સાથે વિદ્યાર્થીનીઓએ બાજી મારી. આજરોજ માધ્યમિક ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી માધ્યમમાં બારીયા નિકિતાબેન દ્વારા A1 ગ્રેડ પ્રાપ્ત કરી ને 574 માર્ક પ્રાપ્ત કર્યા હતા તથા 99.34 PR સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં મહેતા ક્રિયા સંદીપભાઈ 94.90PR સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અંગ્રેજી માધ્યમમાં બધા જ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા જેમાં સો ટકા પરિણામ પ્રાપ્ત થયું છે. ચેરમેન ચિરાગભાઈ શાહ દ્વારા બધા જ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભકામના પાઠવવામાં આવી હતી.
ચાલુ સાલે જે પ્રમાણે શાળાનુ પરિણામ આવ્યુ તે જોતા આશા વ્યકત કરાઇ છે કે આગામી દિવસોમાં પણ આવુ સારુ પરિણામ આવશે તેજસ્વી તારલાઓ પોતાના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરશે તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

## કાલોલના ઘૂસર ગામે ખાણ-ખનીજ વિભાગની ટીમ પર હુમલો

બે અધિકારીઓ ગંભીર ઇજાઓ પહોંચી



(પ્રતિનિધિ) ગોધરા, તા.7
પંચમહાલ જિલ્લામાં ભૂમાફિયાઓ હવે બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. કાલોલ તાલુકાના ઘૂસર ગામે ગેરકાયદેસર રેતી ખનન પકડવા ગયેલી ખાણ-ખનીજ વિભાગની ટીમ પર ભૂમાફિયાઓએ જીવલેણ હુમલો કર્યો હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. આ હુમલામાં બે અધિકારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.
મળતી વિગતો અનુસાર, પંચમહાલ ખાણ-ખનીજ વિભાગને કાલોલના ઘૂસર ગામે નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન થતું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે ટીમ તપાસમાં પહોંચી હતી, જ્યાં નદીમાંથી ગેરકાયદેસર રેતી ભરેલા 6 જેટલા ટ્રેક્ટરો ઝડપી પાડવામાં આવ્યા હતા.
પોતાના ટ્રેક્ટરો પકડાઈ જતાં ઉશ્કેરાયેલા અંદાજે 8 જેટલા શખ્સોના ટોળાએ સરકારી ટીમ પર હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ જબરદસ્તીથી ખાણ-ખનીજ વિભાગની ટીમે પકડેલા તમામ ટ્રેક્ટરો છોડાવી લીધા હતા અને ત્યાંથી નાસી છૂટ્યા હતા.ભૂમાફિયાઓના આ હિંસક હુમલામાં માઈન્સ સુપરવાઈઝર કેયુર સેન્જેલિયા અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર કર્મરાજ જાડેજા ઈજાગ્રસ્ત થયા હતા, બંને ઘાયલ અધિકારીઓને તાત્કાલિક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. સરકારી કર્મચારીઓ પર થયેલા આ હુમલાને પગલે વહીવટી તંત્રમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે હાલ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### દાહોદ ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત ગૌ માતાને રાષ્ટ્રીય દરજ્જો આપવા આવેદનપત્ર



**દાહોદ :** દાહોદ ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત ગૌ માતાને રાષ્ટ્રીય દરજ્જો મળે સન્માન મળે રામાનંદ પાર્ક, ખાતેથી સંત મહંત ની ઉપસ્થિતિમાં રેલી યોજી મામલતદાર કચેરીએ આપ્યું આવેદનપત્ર મોટી સંખ્યામાં શહેરીજન વિવિધ સંસ્થાઓ લોકો કાર્યક્રમમાં જોડાયા

**કાલોલ નજીક પાન્ડુ ખાતે ધાર્મિક કાર્યક્રમ યોજાયો**

## હજરત સૈયદ દાદા સદન સરમસ્તના વાર્ષિક બે દિવસીય ઉર્ષની દબદબાભેર ઉજવણી



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
કાલોલ નજીક આવેલ પાંડુ મેવાસ ગામે સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક સદનશાહ પીર દાદા ની દરગાહ આવેલી છે જે પરંપરાગતરીતે દરવર્ષે ઈસ્લામી ઝિલ્કદ મહિનાની મુસ્લીમ ૧૭/૧૮ તારીખે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.આ બે દિવસીય ઉર્ષ નિમિત્તે પાન્ડુ મેવાસ અશરફી કમેટી દ્વારા તારીખ ૦૫/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ ઉર્ષના પહેલા દિવસે ઝુલુસ સંદલ સાથે ભારે ભક્તિમય વાતાવરણમાં પાન્ડુ ગામના વિવિધ રસ્તાઓ ઉપરથી પસાર થઈ દરગાહ ખાતે આવી પહોંચતા જ સંદલ-ચાદરની રસમ અદા કરી હતી અને તારીખ ૦૬/૦૫/૨૦૨૬ બુધવારના રોજ દરગાહ ખાતે પધારનાર સર્વે શ્રદ્ધાળુઓ માટે આમ ન્યાઝનું આયોજન કરાયું હતું. જ્યાં હઝરત સૈયદ દાદા સદર સરમસ્ત બાબાના દરબારમાં બે દિવસીય ઉજવાયેલા દબદબાભેર ઉર્ષની ઉજવણી અંતર્ગત કાલોલ સહિત પંચમહાલ જીલ્લા તેમજ વડોદરાના સમગ્ર જીલ્લાના દૂર-દૂરથી પધારેલા હિન્દુ-મુસ્લીમ બિરાદરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

### ૭ મે 'ગૌ સન્માન દિવસ' નિમિત્તે કાલોલ મામલતદારને પ્રાર્થના પત્ર સુપરત કરાયું



**કાલોલ :** સમગ્ર ગુજરાતમાં ૭ મેના દિવસને 'ગૌ સન્માન દિવસ' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ અવસરે કાલોલ નગરના વિવિધ હિન્દુ સંગઠનો અને અગ્રણીઓ દ્વારા ગૌ વંશના રક્ષણ અને સંવર્ધન માટે એકજૂથ થઈ કાલોલના મામલતદાર વિકાસ પટેલને પ્રાર્થના પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. 'ગૌ સન્માન અમારો અધિકાર' હિન્દુ સંગઠનો દ્વારા આપવામાં આવેલા આ પ્રાર્થના પત્રમાં મુખ્યત્વે "ગૌ સેવા એ જ રાષ્ટ્ર સેવા" અને *"ગૌ સન્માન અમારો અધિકાર"*ના નારા સાથે ગૌમાતાને યોગ્ય સન્માન મળે તે માટે ભાર મૂકવામાં આવ્યો હતો. આ અભિયાન માત્ર એક રજૂઆત નહીં, પરંતુ ગૌ રક્ષા માટેના એક જન આંદોલન તરીકે જોવામાં આવી રહ્યું છે. પ્રાર્થના પત્રમાં સંગઠનો દ્વારા નીચે મુજબની મહત્વની બાબતો રજૂ કરવામાં આવી હતી.

**ઝાલોદની સર્વોદય સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા**

## શિક્ષિકાના બંધ મકાનમાંથી રૂ.4.42 લાખની મતાની ચોરી

સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી ૪.૪૨ લાખ ઉપરાંતની ચોરીથી સ્થાનિકોમાં ભયનો માહોલ



(પ્રતિનિધિ) દાહોદ, તા.7
ઝાલોદ નગરમાં સર્વોદય સોસાયટી સહિત ચાર ઠેકાણે તસ્કરોએ પોતાનો કરતબ અજમાવી ઝાલોદ પોલીસને ચેલેન્જ ફેંકી છે. આ ચાર ઠેકાણા પૈકી એક જગ્યાએથી માત્ર એક બાઈક ચોરાઈ હોવાનું તેમજ અન્ય બે ઠેકાણે સદનસીબે માત્ર તાળાં જ તૂટ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઝાલોદ તાલુકાની કાકરડુંગરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા અને ઝાલોદની સર્વોદય સોસાયટીમાં રહેતા લીલાબેન નૈલેશકુમાર દીપસિંહ મુનિયા પોતાનો છોકરો તક્ષ અને છોકરી હિતીક્ષાબેનને વડોદરા ખાતે પરીક્ષા આપવા લઈને જવાનું હોય તેઓ સર્વોદય સોસાયટી ખાતેના પોતાના મકાનના દરવાજાને તાળું મારી લુણાવાડા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા અને લુણાવાડા ખાતે જ રહેતા પોતાના પતિ નૈલેશકુમાર મુનિયા પાસે ગયા હતા. તે દરમિયાન ગઈકાલે ઝાલોદ ખાતે રહેતા લીલાબેન મુનિયાના દિયર કલ્પેશભાઈ દીપસિંહ મુનિયાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમારા મકાનના આગળના દરવાજા નું તાળું તુટેલ હાલતમાં છે અને ઘરમાં ચોરી થયાનું જણાય છે. જેથી તેઓ ઘરમાં જઈને જોતા ઘરની અંદર સરસ સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. અને તિજોરી નું લોક તૂટેલું હતું અને તિજોરીમાં મૂકી રાખેલ સોના-ચાંદીના દાગીના જેવા કે રૂપિયા ૬૩,૪૮૪/-ની કિંકિમતની આશરે ૨૦૦ ગ્રામ વજનની ચાંદીની સાંકળી નંગ-૧, રૂપિયા ૨૫૦૦૦/-ની કુલ કિંમતના અલગ અલગ વજનના ચાંદીના સિક્કા નંગ-૯ રૂપિયા ૨૧૦૦૦/-ની રોકડ મળી કુલ રૂપિયા ૪,૪૨,૮૫૩/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા.

### ઝાલોદ ચોરી પ્રકરણમાં ડીવાયએસપીની સીધી દેખરેખ હેઠળ 3 ટીમોનો તપાસનો ધમધમાટ

દાહોદ : દાહોદ જિલ્લાના ઝાલોદ નગરની સર્વોદય સોસાયટીમાં શિક્ષિકાના બંધ મકાનમાંથી ૪.૪૨ લાખની મત્તાની ચોરીની ઘટના બાદ ઝાલોદ પોલીસ હરકતમાં આવી છે. આ કેસના વહેલી તકે ઉકેલ માટે ઝાલોદ ડીવાયએસપી ડી.આર. પટેલ દ્વારા ખાસ ત્રણ અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી છે, જેમાં સ્થાનિક પોલીસની સાથે ટેકનિકલ એક્સપર્ટ્સને પણ સામેલ કરી તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. પોલીસ દ્વારા અત્યારે સીસીટીવી ફૂટેજનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ફોરેન્સીક એક્પર્ટ અને ડોગ સ્કોર્ડની પણ મદદ લેવાઈ છે. તસ્કરો વહેલી સવારે હથિયારો સાથે જે વિસ્તારોમાં ફરતા કેદ થયા હતા, તે તમામ રૂટના ફૂટેજ એકત્ર કરી તેમનું મેપિંગ કરવામાં આવી રહ્યું છે.

**દાહોદ કલેક્ટર યોગેશ નિરગૂડેએ પ્રેઝન્ટેશન આપ્યું**

## ગાંધીનગરના અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ચિંતન શિબિર યોજાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.7
ગાંધીનગર સ્થિત અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે આયોજિત મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં, ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં થયેલી શ્રેષ્ઠ કામગીરી અને પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સેમિનારમાં આદિવાસી વિસ્તારોના જમીન હકો અને મહેસૂલી કાયદાઓ માં સમયાનુકૂલ સુધારાની આવશ્યકતા અંગે દાહોદ કલેક્ટર યોગેશ નિરગુડેએ જણાવ્યું હતું કે, અમદાવાદથી ઉમરગામ સુધીના ૧૪ જિલ્લાઓમાં ફેલાયેલા ટ્રાયબલ બેલ્ટમાં જમીન સંબંધિત પ્રશ્નો અને ખાસ કરીને કલમ ૭૩- ની અમલવારી અંગે આજે મહત્વની ચર્ચા ચિંતન શિબિરમાં કરવામાં આવી હતી. હાલમાં આદિવાસી વ્યક્તિએ પોતાની જમીન અન્ય આદિવાસીને વેચવા માટે પણ પૂર્વ મંજૂરી લેવી પડે છે, જેમાં લાંબો સમય વીતી જતો હોય છે. જો આ સત્તાઓ સ્થાનિક કલેક્ટર સ્તરે જ વધુ સુદ્રઢ કરવામાં આવે, તો સમય મર્યાદામાં નિકાલ લાવી શકાય. આદિવાસી ખેડૂતો કે જેઓ બિલ્ડર અથવા લેન્ડ ડેવલપર બનવા માંગે છે, તેમને દરેક સબ-પ્લોટના વેચાણ માટે વારંવાર પરવાનગી લેવી પડે છે. આ પ્રક્રિયાના બદલે જો એકવાર બિન-ખેતી (73) ની મંજૂરી મળે ત્યારે જ વેચાણની છૂટ આપવામાં આવે, તો વચેટિયાઓનો પ્રભાવ ઘટી શકે અને આદિવાસીઓનો આર્થિક વિકાસ ઝડપી બને. વધુમાં નિરગુડેએ ઉમેર્યું હતું કે, બદલાતા સમય અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આદિવાસી જમીન કાયદાઓનું દર ૧૦ વર્ષે નિષ્ણાત સમિતિ દ્વારા રિવ્યુ થવો જોઈએ, જેથી વહીવટી ગૂંચવણો દૂર કરી શકાય.